# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર




### નડિયાદ મનપામાં કમિશનરની હાજરીમાં જ ગુંડાગીરી છતાં કોઈ ગુનો ન નોંધાયો

# નડિયાદ મનપાના કોર્પોરેટરે કમિશનર સામે જ મ્યુનિ. એન્જિનિયરને માર માર્યો !

**એન્જિનિયરની** અર્બન હેલ્થ સેન્ટરમાં મેડિકો-લીગલ વગર સારવાર કરાવી ભીનું સંકેલવાનો પ્રયાસ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૨

નડિયાદ મનપા કચેરીમાં બિહાર રાજની યાદ અપાવે તેવી દબંગગીરી અને ગુંડાગીરીની સળગતી ઘટના સામે આવી છે. મનપા કમિશનરની ચેમ્બરમાં જ વોર્ડ નંબર ૧૩ના કોર્પોરેટર ઈશિત પટેલે મ્યુનિસિપલ એન્જિનિયર ચિરંજન પટેલ સાથે ઉગ્ર બોલાચાલી કર્યા બાદ ધોળે દિવસે તેમના પર સીધો હુમલો કરી માર મારતા સમગ્ર પાલિકા સંકુલમાં ભારે ખળભળાટ અને ફફડાટ વ્યાપી ગયો છે. આટલી ગંભીર ઘટના બની હોવા છતાં, ઉચ્ચ સત્તાધીશો અને વહીવટી તંત્ર મૌન સેવીને હુમલાખોર કોર્પોરેટરને છાવરવા માટે આકાશ-પાતાળ એક કરી રહ્યા હોવાનો ઘાટ સર્જાયો છે.

નડિયાદ મનપાનો વહીવટ હવે દાદાગીરીથી ચાલી રહ્યો હોય તેવો માહોલ ઊભો થયો છે. કમિશનરના રૂમમાં જ ચૂંટાયેલા પ્રતિનિધિ દ્વારા ફરજ પરના અધિકારી પર સીધો હુમલો કરવામાં આવતા અન્ય કર્મચારીઓ અને અધિકારીઓમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે,



પરંતુ આ દાદાગીરી સામે હાલ કોઈ હરફ ઉચ્ચારવા તૈયાર નથી.

મનપામાં ફરજ પરના અધિકારી પર હુમલો થવા બદલ તાત્કાલિક પોલીસ ફરિયાદ નોંધાવી કડક કાર્યવાહી કરવાના બદલે પાલિકાના શાસકો પોતાના માનીતા કોર્પોરેટરને બચાવવા માટે એન્જિનિયર પર સમાધાનનું દબાણ કરી રહ્યા હોવાની વિગતો ચર્ચાઈ રહી છે. જો ચૂંટાયેલા પ્રતિનિધિઓ અધિકારીઓ પર હુમલા કરતા રહેશે અને સત્તાધીશો તેમને બચાવશે, તો કર્મચારીઓ નિર્ભયતાથી ફરજ કેવી રીતે બજાવશે તેવો સૂર ઊઠ્યો છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે સમગ્ર ઘટનાક્રમમાં ખુદ મનપા કમિશનર કિરણ ઝવેરી પ્રત્યક્ષદર્શી હોવા છતાં કોઈ જ એફઆઈઆર નોંધાઈ નથી. આખો દિવસ ચાલેલા હાઈવોલ્ટેજ ડ્રામા બાદ અંતે રાજકીય વગના આધારે સમાધાન કરાવી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

#### બંને વચ્ચે માત્ર સામાન્ય રકઝક થઇ હતી

આ સમગ્ર વિવાદ અંગે કોર્પોરેટર ઈશિત પટેલે બચાવ કરતા જણાવ્યું હતું કે, તેઓ વરસાદી પાણીના નિકાલની સમસ્યા અંગે એન્જિનિયર પાસે રજૂઆત કરવા ગયા હતા. તેમણે માંગ કરી હતી કે ઉત્તરસંડાનું પાણી જ્યાં સુધી આગળ ન જાય ત્યાં સુધી નવી આવકને રોકવામાં આવે, જેથી ખેડૂતોને નુકસાન કે મુશ્કેલી ન પડે. આ બાબતે બંને વચ્ચે માત્ર સામાન્ય રકઝક અને ઉગ્ર બોલાચાલી જ થઈ હતી. કોર્પોરેટરના મતે, પ્રજાના પ્રશ્નોની આવી રજૂઆતો કરવી એ તેમની રોજિંદી કામગીરીનો જ એક હિસ્સો છે.

### કેનેડા-લંડન મોકલવાના નામે બનાવટી ઓફર લેટર આપ્યો

# વિદેશ મોકલવાના બહાને રૂ. ૪૦.૫૨ લાખની છેતરપિંડી

**એજન્સી સંચાલક** દંપતીએ રાતોરાત ઓફિસ બંધ કરી દિલ્હી પલાયન થઇ ગયા

(પ્રતિનિધિ) આણંદ તા.૨૨

આણંદમાં વિદેશ જવા ઈચ્છુક નાગરિકોને કેનેડા તથા લંડન મોકલવાના બહાને રૂ. ૪૦.૫૨ લાખથી વધુની છેતરપિંડી આચરવા બદલ 'કાલિકા ઈન્ડિયા પ્રોજેક્ટ' (હાલનું નામ કામયાબી ઓવરસીઝ) એજન્સીના સંચાલક દંપતી સામે આણંદ ટાઉન પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

કરમસદના પ્રિયાબેન હિમાંશુભાઈ પટેલની માર્ચ ૨૦૨૩ દરમિયાન આણંદના ત્રિવેણી આર્કેડ સ્થિત એજન્સીના સંચાલક કિશનલાલ ગોવિંદરામ કડવા સાથે ઓળખાણ થઈ હતી. કિશનલાલ તથા તેની પત્ની ક્રિષ્નાદેવીએ ફરિયાદીના પતિ, સાસુ અને સંબંધીઓને વિદેશ મોકલવાનો ભરોસો આપી યુકો બેંક ખાતામાં તથા રોકડા મળી તબક્કાવાર કુલ રૂ. ૪૫,૫૨,૬૮૨ પડાવી લીધા હતા.

આ નાણાં મેળવ્યા બાદ બન્નેએ બનાવટી ઓફર લેટર આપ્યા હતા અને ઝૂમ એપ્લિકેશન પર ફેક ઈન્ટરવ્યુ પણ ગોઠવ્યા હતા. જોકે, લાંબો સમય વીતવા છતાં કોઈને વિદેશ ન મોકલતાં ફરિયાદી ઓફિસે પહોંચ્યા ત્યારે તાળાં મારેલાં જોવા મળ્યાં હતાં અને આરોપીઓ દિલ્હી ભાગી ગયા હોવાની જાણ થઈ હતી.

આથી, ફરિયાદીએ દિલ્હી જઈ નાણાંની માંગણી કરતા કિશનના પુત્ર અભિષેક કડવાએ આણંદ આવી સમાધાન પેટે રૂ. ૫ લાખ રોકડા આપ્યા હતા તથા બાકીની રકમ ચૂકવવા સ્ટેમ્પ પેપર પર બાંહેધરી કરાર કરી આપ્યો હતો. તેમ છતાં બાકી નીકળતા રૂ. ૪૦,૫૨,૬૮૨ પરત ન ચૂકવી વિશ્વાસઘાત કર્યો હતો. આ સમગ્ર મામલે આણંદ ટાઉન પોલીસે ઠગ દંપતી સામે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. આણંદ જિલ્લામાં વિદેશના નામે છેતરપિંડીનો સિલસિલો યથાવત્ રહ્યો છે.

# આણંદમાં બાકી વેરો ન ભરતાં ૫ દુકાન સીલ કરાઈ

**મનપા દ્વારા** ચાલતી વેરા વસૂલાત ઝુંબેશ યથાવત્

(પ્રતિનિધિ) આણંદ તા.૨૨

આણંદમાં મહાનગરપાલિકા દ્વારા ચાલતી વેરા વસુલાતની ઝુંબેશ દરમિયાન ગુરૂવારના રોજ 100 ફૂટ રોડ પરની મિલકતો સામે રિકવરી ટીમએ લાલ આંખ કરી હતી. આ કાર્યવાહીમાં બાકી વેરા સંદર્ભે પાંચ ફ્લેટ અને પાંચ દુકાન સીલ કરવામાં આવી હતી.

કરમસદ - આણંદ મનપાના રિકવરી વિભાગની ટીમ દ્વારા મનપા વિસ્તારમાં બાકી વેરો ન ભરતા મિલકતધારકો પાસેથી વસૂલાત માટે છેલ્લા દસ દિવસથી ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત ગુરૂવારના રોજ મનપાની રિકવરી ટીમ દ્વારા ૧૦૦ ફૂટના રોડ પર આવેલી ૫ દુકાનો



અને ૫ ફ્લેટને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. આ મિલકતધારકો પાસેથી કુલ ૨,૨૨,૪૩૯નો વેરો બાકી હતો, જે વારંવારની સૂચના અને નોટિસ આપવા છતાં ન ભરતાં આખરે આ પગલું લેવામાં આવ્યું હતું. આણંદ - કરમસદ મનપાની રિકવરી ટીમના અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, જે મિલકતધારકોનો વેરો બાકી હોય તેઓએ તાકીદે મનપા ખાતે રકમ જમા કરાવી દેવા તાકીદ કરી છે.

### અગાઉ 48 ગુનામાં પકડાયેલો અને 12 ગુનામાં વોન્ટેડ કૂખ્યાત આશિફ પકડાયો

# ખંભાતના નગરા રોડ પરથી દેશી પિસ્તોલ અને કારતૂસ સાથે શખ્સ ઝડપાયો

**આણંદ એલસીબીએ** રૂ. ૮૫,૨૦૦ના મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરી

(પ્રતિનિધિ) ખંભાત તા.૨૨

આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ખંભાત નગરા રોડ પર દરોડો પાડીને એક શખ્સને દેશી બનાવટની પિસ્તોલ તથા બે જીવતા કારતૂસ સાથે ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ રૂ. ૮૫,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.





આણંદ જિલ્લા એલસીબી સ્ટાફ ખંભાત વિસ્તારમાં રાત્રિ પેટ્રોલિંગમાં હતો ત્યારે લાલ દરવાજા નજીક બાતમી મળી હતી કે, ખંભાતના કતકપુર રોડ પર આવેલી સલમાન પાર્ક સોસાયટીમાં રહેતો આશિફ ઉર્ફે રૂપાલ ઐયુબભાઈ વ્હોરા પોતાની પાસે ગેરકાયદે હથિયાર રાખી નગરા રોડ પર કતકપુર ત્રણ ઓરડી વડ પાસે એક્ટિવા સાથે શંકાસ્પદ હાલતમાં ઊભો છે. પોલીસે પંચોને સાથે રાખી સ્થળ પર ઘેરાબંધી કરીને શખ્સને કોર્ડન કરી ઝડપી લીધો હતો.

આ અંગે પંચો રૂબરૂ પૂછપરછમાં ઝડપાયેલા શખ્સે પોતાનું નામ આશિફ ઉર્ફે રૂપાલ ઐયુબભાઈ વ્હોરા (ઉંમર ૩૬, ધંધો ડ્રાઈવિંગ, મૂળ રહેવાસી રૂપાલ, બાવળા) જણાવ્યું હતું. પોલીસે તેની અંગઝડતી લેતાં કમરના ભાગેથી રૂ. ૨૫,૦૦૦ની કિંમતની દેશી હાથ બનાવટની મશીન કટ પિસ્તોલ તથા પેન્ટના ખિસ્સામાંથી કેએફ-૭.૬૫ માર્કાવાળા રૂ. ૨૦૦ની કિંમતના બે જીવતા કારતૂસ મળી આવ્યા હતા. આશિફે હથિયાર રાખવા અંગેનું કોઈ પાસ-પરમિટ ન હોવાનું જણાતાં પ્રાથમિક પૂછપરછમાં આ પિસ્તોલ ખંભાતના ઈરફાન મન્સૂરી પાસેથી મેળવી હોવાનો ખુલાસો થયો હતો. આથી એલસીબીએ બંને આરોપીઓ સામે ખંભાત સીટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# ત્રાણજામાં ૩૫ વીઘાથી વધુ ગૌચરમાં દબાણ દુર કરાયાં

**જિલ્લા સ્વાગત** કાર્યક્રમમાં રસ્તા અંગે મળેલી અરજી બાદ કાર્યવાહી

(પ્રતિનિધિ) માતર તા.૨૨

ખેડા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં મળેલી રજૂઆતના આધારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા માતર તાલુકાના ત્રાણજા ગામે ત્વરિત કામગીરી હાથ ધરીને અંદાજે ૩૫ વીઘાથી વધુ ગૌચર જમીન દબાણમુક્ત કરાવવામાં આવી છે.

ખેડા જિલ્લામાં નાગરિકોની રજૂઆતોના નિરાકરણ માટે દર મહિને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવે છે. ગતરોજ યોજાયેલા આ સ્વાગત કાર્યક્રમમાં અરજદાર દ્વારા માતર તાલુકાના ત્રાણજા ગામના રસ્તા બાબતે પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો હતો.

આ રજૂઆત સંદર્ભે કલેક્ટર એન. વી. ઉપાધ્યાયની સૂચના અને માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા ગણતરીના કલાકોમાં જ સ્થળ પર પહોંચીને સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી. સ્થળ પર તપાસ અને કાર્યવાહી દરમિયાન ગામના જુદા જુદા ઈસમો દ્વારા ૯ જેટલા ગૌચરના સર્વે નંબરોની કુલ હેક્ટર ૮-૦૨-૩૦ ચો. મી. જમીન પર ઘણા સમયથી બિનઅધિકૃત રીતે કબજો કરી દબાણ કરવામાં આવ્યું હોવાનું ધ્યાને આવ્યું હતું.

જેથી તંત્ર દ્વારા ત્વરિત પગલાં ભરીને રસ્તાની આજુબાજુ આવેલા અન્ય તમામ ગૌચર સર્વે નંબરો પરના ગેરકાયદે દબાણોને પણ તાત્કાલિક દૂર કરી જમીન ખુલ્લી કરવામાં આવી હતી. આ સઘન ઝુંબેશ અંતર્ગત આશરે ૩૫થી વધુ વીઘા ગૌચર જમીનને બિનઅધિકૃત કબજામાંથી સફળતાપૂર્વક મુક્ત કરાવવામાં જિલ્લા વહીવટી તંત્રને સફળતા મળી છે.

### નોટરી કરાવવા બોલાવી પતિ અને તેના મિત્ર પર છરા વડે હુમલો કર્યો

# નડિયાદના કાવેરી પ્લાઝા પાસે બે યુવક પર છરીથી જીવલેણ હુમલો

**સમાધાનના બહાને** બોલાવી કમરમાંથી છરો કાઢી મોઢા પર ઘા ઝીંકતા ગંભીર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

નડિયાદ શહેરના મીલ રોડ પર આવેલા કાવેરી પ્લાઝા પાસે આણંદના ડ્રાઈવિંગ વ્યવસાય કરતા યુવાન અને તેના મિત્ર પર છરા વડે દહેશતભર્યો જીવલેણ હુમલો થતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પત્નીને ભગાડી જનાર શખ્સે નોટરી રૂબરૂ લખાણ કરાવવાના બહાને બોલાવી તકરાર કરી આ લોહીલુહાણ ઘટનાને અંજામ આપ્યો હતો.

આણંદના બાકરોલ રોડ સ્થિત સોસાયટીમાં રહેતા અને ડ્રાઈવિંગ કરતા યુવકના લગ્ન ચાર વર્ષ પહેલાં નડિયાદની યુવતી સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તકરાર થતાં છ મહિના પહેલાં યુવક પત્નીને પિયર મૂકી ગયો હતો. આ સમયગાળા દરમિયાન પાડોશમાં રહેતો હર્ષ ઉર્ફે દેવુ સરગરા યુવતીને ભગાડી ગયો હતો. આ અંગે અગાઉ નડિયાદ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો.

જોકે, ગત ૨૧મી ઓક્ટોબરના રોજ યુવકને તેની પત્નીને સોંપવા અને ભવિષ્યમાં ક્રોસ ફરિયાદ ન થાય તે માટે કાવેરી પ્લાઝા ખાતે નોટરી રૂબરૂ લખાણ કરવા આવ્યાં હોવાનું જણાવ્યું હતું. પત્ની સાથે છે કે નહીં તેની ખાતરી કરવા યુવક તેના મિત્રની ગાડી લઈને નીકળ્યો હતો અને રસ્તામાંથી અન્ય મિત્રને પણ સાથે લીધો હતો. તેઓ કાવેરી પ્લાઝા બહાર પહોંચ્યા તે સમયે હર્ષે અપશબ્દો બોલી તેના અજાણ્યા મિત્રને ઉશ્કેર્યો હતો. આથી, હર્ષના મિત્રએ કમરમાંથી તીક્ષ્ણ છરો કાઢી યુવકના મોઢા, નાક અને કપાળ પર ઊંડા ઘા માર્યા હતા, જેના કારણે તેને માથામાં ફ્રેક્ચર થયું હતું. આ સમયે બચાવવા વચ્ચે પડેલા યુવકના મિત્રને ગાલ અને ડાબા હાથના કાંડા પર છરાના ઘા ઝીંકતા ગંભીર ઈજા પહોંચી હતી. આથી, બન્નેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. આ અંગે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કપડવંજમાં ચેક રિટર્ન થતાં એક વર્ષની સાદી કેદની સજા

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૨

કપડવંજ ખાતે આવેલી ફાઈનાન્સ કંપનીમાંથી મકાન પર મોર્ગેજ લોન લીધા બાદ લેણી રકમ પેટે આપેલો રૂ. 3,44,291 નો ચેક રિટર્ન થવાના કેસમાં કપડવંજ અદાલતે મહત્વનો ચુકાદો આપ્યો છે. અદાલતે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને ફરિયાદીને પૂરેપૂરી રકમનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.

કપડવંજ ખાતે આવેલી શ્રીરામ ફાઈનાન્સ લી. ના અધિકૃત અધિકારી શ્યામ અજીતકુમાર મહેતા દ્વારા અદાલતમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના રેલીયા ગામના રહીશ બહાદુરસિંહ જુજારસિંહ ઝાલાએ કંપનીમાંથી મકાન પર મોર્ગેજ લોન લીધી હતી. આ લોનના હપ્તા નિયમિત ન ભરાતાં કંપની દ્વારા વારંવાર ઉઘરાણી કરવામાં આવી હતી. જેથી આરોપી બહાદુરસિંહ ઝાલાએ લેણી રકમ પેટે રૂ. 3,44,291 નો ચેક આપ્યો હતો અને બેંકમાં જમા કરાવતાં નાણાં મળી જશે તેવી ખાતરી આપી હતી.

આ ચેક બેંકમાં જમા કરાવતાં તે 'ફંડ્સ ઈનસફીસીયન્ટ્સ' (અપૂરતું બેલેન્સ) ના શેરા સાથે પરત ફર્યો હતો. ફરિયાદીએ વકીલ મારફતે નોટિસ મોકલવા છતાં રકમ ન ચૂકવાતાં કપડવંજ કોર્ટમાં કાનૂની કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસ ચાલી જતાં કપડવંજના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વિપુલભાઈ અમૃતલાલ ઠક્કરે ધી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 ના ગુના હેઠળ બહાદુરસિંહ જુજારસિંહ ઝાલાને એક વર્ષની સાદી કેદની સજા સંભળાવી હતી. આ ઉપરાંત ફરિયાદીને રૂ. 3,44,291 નું વળતર ચુકવવા હુકમ કર્યો છે.

# ઠાસરાના ઓઝરાળા ગામમાં યુવાનો પર સરપંચનો હુમલો

**પંચાયત કચેરી** બહાર ચપ્પલ કઢાવી દોરડાથી બાંધી ઢોર માર માર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

ઠાસરા તાલુકાના ઓઝરાળા ગામે પાક સર્વેની કામગીરી પતાવી પરત ફરી રહેલા બે યુવાનોને અટકાવી ગામના સરપંચ અને તેમના સાગરીતે ગાળો બોલી ઢોર માર માર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. હુમલાખોરોએ યુવાનોને પંચાયત કચેરી ખાતે લઈ જઈ દોરડાથી બાંધી દીધા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જલાનગરમાં રહી ખેતી તેમજ પાક સર્વેનું કામ કરતા સુભાષભાઈ પરમાર તેમના સાથી રવિન્દ્રભાઈ પરમાર સાથે ગત 17 ઓક્ટોબરના રોજ સવારે ઓઝરાળા ગામે પાક સર્વે કરવા ગયા હતા. કામગીરી પૂર્ણ કરીને પરત ફરતી વખતે ગામના પ્રવેશદ્વાર પાસે ઓઝરાળાના સાગરભાઈ પટેલે તેમની બાઈક ઊભી રખાવી હતી. સાગરભાઈએ તમે એક કાકાને કેમ ગાળો બોલ્યા છો તેમ કહી બાઈકને લાત મારી પાડી દીધી હતી અને બંને યુવાનોને ગડદાપાટુનો માર મારવાનું શરૂ કર્યું હતું.

આ જ સમયે ઓઝરાળા ગામના સરપંચ જયદીપભાઈ પટેલ ત્યાં આવી પહોંચ્યા હતા. સરપંચે પણ ઉશ્કેરાઈને તમે મારા પિતાને કેમ ગાળો આપી છે તેમ કહી બંને યુવાનો પર હુમલો કર્યો હતો. વધુમાં સરપંચે સુભાષભાઈના હાથમાંથી 24,000ની કિંમતનો મોબાઈલ ફોન ઝૂંટવીને રોડ પરની ગટરમાં ફેંકી દઈ તોડી નાખ્યો હતો.

બાદમાં સરપંચ અને સાગરભાઈ બંને યુવાનોને બળજબરીપૂર્વક ઓઝરાળા ગામની પંચાયત ઓફિસે લઈ ગયા હતા. પંચાયત કચેરી બહાર બંને યુવાનોના ચપ્પલ કઢાવી તેમને દોરડાથી બાંધી દેવામાં આવ્યા હતા. હુમલાખોરોએ ગંદી ગાળો બોલી હવે પછી ઓઝરાળા ગામમાં આવ્યા છો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી. આ ઘટના બાદ બંને પક્ષો વચ્ચે સ્થાનિક સ્તરે સમાધાનની વાતો ચાલતી હતી, પરંતુ કોઈ સુખદ ઉકેલ આવ્યો ન હતો. આથી અંતે સુભાષભાઈ પરમારે 21 ઓક્ટોબરના રોજ ઠાસરા પોલીસ મથકે સરપંચ જયદીપભાઈ પટેલ અને સાગરભાઈ પટેલ સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

# ખેડામાં માતૃત્વ સેવા યજ્ઞ: ૨૧૧ મહિલાનાં વિનામૂલ્યે ઓપરેશન કરાયાં

**હલીમા હોસ્પિટલના** ૫ વર્ષ પૂર્ણ થતાં ૩૦૦ ગર્ભવતી મહિલાને ફ્રી હેલ્થ કાર્ડ અપાયા હતા

(પ્રતિનિધિ) ખેડા તા.૨૨

ખેડાના મુસ્લિમ આગેવાન ખમીશાભાઈ સિંધીએ પોતાની સ્વ. માતાની યાદમાં બનાવવામાં આવેલી હલીમા હોસ્પિટલના ૫ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે અને પોતાના જન્મદિવસે માતૃત્વની ચિંતા કરીને એક અનન્ય અને માનવતાવાદી 'માતૃત્વ સેવા યજ્ઞ'નું આયોજન કર્યું હતું. આ અનોખી પહેલ અંતર્ગત હોસ્પિટલ દ્વારા ૩ મહિનાના ગાળામાં કોઈપણ જાતના ધર્મ કે જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના ૨૧૧ જેટલી મહિલાઓના વિનામૂલ્યે ઓપરેશન અને સફળ પ્રસૂતિ કરાવી આપવામાં આવ્યા છે.

ખેડા ખાતે યોજાયેલા આ વિશિષ્ટ સ્વાસ્થ્ય કેમ્પમાં ૭૦૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. તેમાંથી ૩૦૦ જેટલી સગર્ભા તથા માતૃત્વ





ધરાવતી બહેનોને ૩ મહિનાની મુદતવાળા નિ:શુલ્ક સેવા કાર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્ડ વિતરણ પ્રસંગે ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણ, માતરના ધારાસભ્ય કલ્પેશભાઈ પરમાર તેમજ અમદાવાદના ધારાસભ્ય ઈમરાન ખેડાવાળા જેવા વિવિધ પક્ષોના રાજકીય અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેના ૩ મહિનાની મુદત પૂર્ણ થતાં, આ કાર્ડ ધારક મહિલાઓમાંથી ૨૧૧ જેટલી મહિલાઓની હલીમા હોસ્પિટલ ખાતે સંપૂર્ણ નિ:શુલ્ક સારવાર અને જટિલ ઓપરેશનો કરવામાં આવ્યા હતા. આ સેવા યજ્ઞમાં ગર્ભાશયની બીમારીઓથી પીડાતી મહિલાઓ અને અધૂરા માસે અવતરતા બાળકોની માતાઓને પણ નવજીવન મળ્યું હતું.

#### ડોક્ટરો અને હોસ્પિટલ સ્ટાફનું સન્માન

આ ભગીરથ માતૃત્વ સેવા યજ્ઞ સફળતાપૂર્વક સંપન્ન થયા બાદ, ખમીશાભાઈ સિંધી દ્વારા હલીમા હોસ્પિટલના તમામ તબીબો અને સ્ટાફ પરિવારની પ્રશંસનીય કામગીરી બદલ તેમને સર્ટિફિકેટ અને ખાસ ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. પોતાની માતાની સ્મૃતિમાં નિર્માણ પામેલી હોસ્પિટલે ૫ વર્ષ પૂર્ણ કરીને સમાજમાં નિ:સ્વાર્થ સેવા અને કોમી એકતાનો શ્રેષ્ઠ સંદેશ આપ્યો છે.

#### નિ:શુલ્ક ઓપરેશન અને પ્રસૂતિની વિગત

સામાન્ય પ્રસૂતિ : ૭૮
સિઝેરિયન ઓપરેશનથી પ્રસૂતિ : ૯૫
દૂરબીનથી ગર્ભાશય કાઢવાનું ઓપરેશન: ૨૭
નીચેના રસ્તેથી ગર્ભાશય કાઢવાનું ઓપરેશન: ૮
પેટનું ઓપરેશન કરીને ગર્ભાશય કાઢવું: ૩


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225